# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 28-02-2025** **Midday : 2.30 to 2.35 pm**

**Day : Friday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **પ્રવેશ અડિએચા** વાંચે છે.

---

-------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# PREZ NFSU

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મૂએ ન્યાય આધારિત, વિકસિત ભારતને આકાર આપવામાં ન્યાય-સહાયક વિજ્ઞાનની ભૂમિકા પર ભાર મુક્યો છે. આજે ગાંધીનગરમાં રાષ્ટ્રીય ન્યાય-સહાયક વિજ્ઞાન વિશ્વવિદ્યાલય- NFSUના ત્રીજા પદવીદાન સમારોહને સંબોધિત કરતાં શ્રીમતી મુર્મૂએ ભારતીય વારસાને આધુનિકતા સાથે જોડનારા અને તમામ લોકોને ન્યાય સુનિશ્ચિત કરનારા વિકસિત ભારતના દ્રષ્ટિકોણ પર પણ પ્રકાશ પાડ્યો હતો.

શ્રીમતી મુર્મૂએ ગુનાઓના બદલાતા સ્વરૂપને ધ્યાને રાખી સમયસર ન્યાય અપાવવામાં ન્યાય-સહાયક વિજ્ઞાનના વધતા મહત્વ પર ભાર મુક્યો. ઉપરાંત શ્રીમતી મુર્મૂએ ન્યાય-સહાયક વિજ્ઞાન ક્ષેત્રમાં મહિલા સ્નાતકોની વધતી સંખ્યા બદલ આનંદ વ્યક્ત કર્યો હતો.

## (બાઈટઃ દ્રૌપદી મુર્મૂ, રાષ્ટ્રપતિ)

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે પોતાના સંબોધનમાં દરેક લોકોને રાષ્ટ્ર પ્રથમની ભાવનાથી આગળ વધવા અનુરોધ કર્યો હતો.

## (બાઈટઃ ભૂપેન્દ્ર પટેલ, મુખ્યમંત્રી)

# PRESIDENT GUJARAT VISIT

ભુજના અમારા પ્રતિનિધિ હેમાંગ પટ્ટણી જણાવે છે, રાષ્ટ્રપતિ મુર્મુ આજથી બે દિવસ કચ્છની મુલાકાતે આવી રહ્યાં છે. તેઓ આજે બપોરે સ્મૃતિવન સંગ્રહાલય અને સ્મારકની મુલાકાત લેશે. બાદમાં ધોરડો જશે. જ્યાં તેઓ રણોત્સવ ટેન્ટ સિટી ખાતે કચ્છના સ્થાનિક કારીગરો સાથે સંવાદ કરશે. ત્યારબાદ રાષ્ટ્રપતિ ક્રાફ્ટ સ્ટોલની મુલાકાત લેશે અને સફેદ રણમાં રાષ્ટ્રપતિશ્રી સૂર્યાસ્ત નિહાળશે અને સફેદ રણ ખાતે પ્રવાસન નિગમ દ્વારા આયોજિત સાંસ્કૃતિક કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

શ્રીમતી મુર્મુ આવતીકાલે વૈશ્વિક ધરોહર સ્થળ ધોળાવીરાની મુલાકાત લેશે.

એક યાદીમાં જણાવાયું છે કે, રાષ્ટ્રપતિની મુલાકાતને ધ્યાનમાં રાખીને આજે સ્મૃતિવન સ્મારક અને સંગ્રહાલય મુલાકાતીઓ માટે બંધ રહેશે. જે આવતીકાલથી રાબેતા મુજબ શરૂ થશે.

# AMDAVAD GWALIOR-RAJKOT-TRAIN

પશ્ચિમ રેલવે દ્વારા હોળીના તહેવાર અને ઉનાળાની ઋતુને ધ્યાનમાં રાખી અમદાવાદ અને ગ્વાલિયર વચ્ચે વિશેષ ટ્રેન દોડાવવાનો નિર્ણય કર્યો છે. અમદાવાદના અમારા પ્રતિનિધિ જણાવે છે, અમદાવાદ-ગ્વાલિયર સ્પેશિયલ ટ્રેન આવતીકાલથી 28 જૂન સુધી દર શનિવારે અમદાવાદથી રાત્રે 10 વાગ્યાને 25 મિનિટે ઉપડશે. આ જ રીતે ગ્વાલિયર-અમદાવાદ સ્પેશિયલ બીજી માર્ચથી 29 જૂન સુધી દર રવિવારે ગ્વાલિયરથી બપોરે સાડા ચાર વાગ્યે ઉપડશે.

રાજકોટના અમારા પ્રતિનિધિ જણાવે છે, પશ્ચિમ રેલવે દ્વારા રાજકોટ અને મહબૂબનગર સ્પેશિયલ ત્રણ માર્ચથી 30 જૂન સુધી વિશેષ ટ્રેન દોડાવાશે. આ ટ્રેન દર સોમવારે બપોરે પોણા બે વાગ્યે રાજકોટથી ઉપડશે. આ જ રીતે મહબૂબનગર-રાજકોટ સ્પેશિયલ ચાર માર્ચથી એક જુલાઈ સુધી દર મંગળવારે મહબૂબનગરથી રાત્રે 10 વાગ્યાને 10 મિનિટે ઉપડશે.

# PATAN SPORTS

પાટણ જિલ્લામાં આયોજિત ત્રણ દિવસના આંતર-મહાવિદ્યાલય ખેલકૂદ મહોત્સવમાં 76 મહા-વિદ્યાલયના 700થી વધુ ખેલાડી 22 જેટલી સ્પર્ધામાં ભાગ લઈ રહ્યા છે. પાટણના અમારા પ્રતિનિધિ રમેશ સોલંકી જણાવે છે, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત વિશ્વ-વિદ્યાલય દ્વારા આયોજિત રાજમાતા નાયકાદેવી ખેલકૂદ મહોત્સવનો વિશ્વ-વિદ્યાલયના કુલપતિ પ્રૉફેસર ડૉક્ટર કિશોર પોરિયાએ ગઈકાલે પ્રારંભ કરાવ્યો હતો. દરમિયાન શ્રી પોરિયાએ આગામી દિવસોમાં વિશ્વ-વિદ્યાલય દ્વારા નવી સુવિધાઓ વધારવાનું આયોજન હોવાનું જણાવ્યું હતું.

આ પ્રસંગે પેરિસ પેરાલિમ્પિક રમત 2024માં દેશનું પ્રતિનિધિત્વ કરનારાં ભાલાફેંકનાં ખેલાડી ભાવના ચૌધરી વિશેષ ઉપસ્થિત રહ્યાં હતાં.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)